# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
## સરદારકૃષિનગર – ૩૮૫ ૫૦૬
## જિ. : બનાસકાંઠા

### –: જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૪ :–

અત્રેની કૃષિ યુનિવર્સિટીની કચેરીઓમાં નીચે જણાવેલ વર્ગ–૩ સંવર્ગની ખેતીવાડી અધિકારી / સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) તેમજ ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત)ની જગ્યાઓ ઉપર સીધી ભરતી કરવા અને ઉમેદવારોની પસંદગી કરવા મેરીટ યાદી તૈયાર કરવા નીચે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવા માટેની જાહેરાત આપવામાં આવે છે. આ માટે ઉમેદવારે યુનિવર્સિટીની વેબસાઇટ www.sdau.edu.in પરથી **તા.૦૩/૦૨/૨૦૨૪ થી તા.૦૩/૦૩/૨૦૨૪** (સમય : ૨૩–૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ મેટ્રીક્સ પે સ્કેલ | જગ્યાઓની સંખ્યા | કક્ષાવાર ભરવાપાત્ર જગ્યા | | | | | કક્ષાવાર ભરવાપાત્ર થતી જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત* | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | અનુ.જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ. | આ.ન.વ. | બિન અનામત | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સા.શૈ.પ. | આ.ન.વ. | બિન અનામત | શારીરિક અશક્ત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | ખેતીવાડી અધિકારી / સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત ફેકલ્ટી) | ₹૩૯૯૦૦–૧૨૬૬૦૦ (લેવલ–૭) પાંચ વર્ષના અજમાયશી સમયગાળા માટે પ્રતિ માસ ફિક્સ પગાર ₹ ૪૯૬૦૦/– | **૧૩** | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૨ | ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત ફેકલ્ટી) | ₹૨૫૫૦૦–૮૧૧૦૦ (લેવલ–૪) પાંચ વર્ષના અજમાયશી સમયગાળા માટે પ્રતિ માસ ફિક્સ પગાર ₹ ૨૬૦૦૦/– | **૪૩** | ૦૩ | ૦૬ | ૧૧ | ૦૪ | ૧૯ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૪ |

(અનુ. જાતિ– અનુસૂચિત જાતિ (SC), અનુ.જનજાતિ– અનુસૂચિત જનજાતિ(ST), સા.શૈ.પ.– સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આ.ન.વ– આર્થિક રીતે નબળા વર્ગ (EWS))

* શારીરિક અશક્ત (દિવ્યાંગ) તથા માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે.

ઉપર દર્શાવેલ જગ્યાઓ માટે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે :

| સંવર્ગનું નામ | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી અને હેઠળના વ્યકિતમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |
|---|---|---|---|---|
| | A | B | C | D & E |
| ખેતીવાડી અધિકારી / સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) | - | D, HH | OA, OL, BL, LC, Dw, AAV | SLD, MI, MD |
| ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) | LV | D, HH | OL, BL, CP, LC, Dw, AAV, SD & SI | ASD (M), SLD, MI, MD Involving (a) to (c) |

[Abbreviations: Low Vision (LV), Deaf (D), Hard of Hearing (HH), One Arm (OA), One Leg (OL), Both Legs (BL), Leprosy Cured (LC), Dwarfism (Dw), Acid Attack Victim (AAV), Spine Deformity (SD), Spine Injury (SI), Specific Learning Disability (SLD), Mental Illness (MI), Multiple Disabilities (MD), Autism Spectrum Disorder Mild (ASD(M))]

**(૧) શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા :**

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | શૈક્ષણિક લાયકાત | વય-મર્યાદા |
|---|---|---|---|
| ૦૧/૨૦૨૪ | ખેતીવાડી અધિકારી / સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) કરાર આધારે પાંચ વર્ષ માસિક ફિક્સ પગાર ₹ ૪૯૬૦૦/- માં પાંચ વર્ષ પૂર્ણ થયેથી સાતમા પગાર પંચ મુજબ (પે મેટ્રીક્ષ લેવલ-૭) નિયમિત પગારધોરણ (₹ ૩૯૯૦૦-૧૨૬૬૦૦) | (૧) માન્ય કૃષિ યુનિવર્સિટીની કૃષિ/બાગાયત વિદ્યાશાખાની સ્નાતક પદવી પ્રથમ વર્ગમાં પાસ કરેલ હોવી જોઇએ અથવા અનુસ્નાતક પદવી બીજા વર્ગમાં પાસ કરેલ હોવી જોઇએ.<br>(૨) કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ. | ૧૮ વર્ષ થી ૩૫ વર્ષ |
| | ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત ) કરાર આધારે પાંચ વર્ષ માસિક ફિક્સ પગાર ₹ ૨૬૦૦૦/- માં પાંચ વર્ષ પૂર્ણ થયેથી સાતમા પગાર પંચ મુજબ (પે મેટ્રીક્ષ લેવલ-૪) નિયમિત પગારધોરણ (₹૨૫૫૦૦-૮૧૧૦૦) | (૧) માન્ય કૃષિ યુનિવર્સિટીની બે/ત્રણ વર્ષનો કૃષિ/બાગાયત ડીપ્લોમા કોર્ષ કરેલ હોવો જોઇએ.<br>(૨) કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.<br>(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ. | ૧૮ વર્ષ થી ૩૩ વર્ષ |

| | |
|---|---|
| ૧.૧ | ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ. |
| ૧.૨ | શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં. |
| ૧.૩ | ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ધરાવતા હોવા જોઇએ. |
| ૧.૪ | ઉમેદવારે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રકો અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે. |
| ૧.૫ | ઉમેદવારોએ ઉપરોક્ત શૈક્ષણિક લાયકાત ઉપરાંત નામદાર સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈ પણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોમ્પ્યુટર એક વિષય તરીકે તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ. |

**(૨) ઓનલાઈન અરજી માટેની ફી : (ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી)**

| ક્રમ | વિગત | અરજી ફી ની રકમ |
|---|---|---|
| ૧. | બિન–અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર માટે | ₹ 1000 + ટ્રાન્ઝેક્શન ચાર્જ |
| ૨. | અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર માટે [ST/SC/SEBC/EWS/PwD] | ₹ 250 + ટ્રાન્ઝેક્શન ચાર્જ |
| ૩. | માજી સૈનિક | 'નીલ' |

અરજી પત્રક ભરવા અંગેની માહિતી :

ઓનલાઈન અરજી કરતા પહેલાં વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી, સમજીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે સૌ પ્રથમ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી પત્રક ભરીને કન્ફર્મ/સબમીટ કરવાનું રહેશે. એપ્લીકેશન નંબર (યુઝર નેમ) જનરેટ થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. જેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ભૂલચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભરવામાં આવેલ ઓનલાઈન અરજી ફોર્મની પ્રિન્ટ નકલ તથા ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ અસલ પ્રમાણપત્રો યુનિવર્સિટી દ્વારા રૂબરૂમાં ચકાસણી અર્થે બોલાવવામાં આવે ત્યારે રજૂ કરવાના થશે, જેની અચૂક નોંધ લેવી.

**(૩) સામાન્ય સૂચનાઓ :**

| | |
|---|---|
| ૩.૧ | ઓનલાઈન અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (કલર ફોટોગ્રાફનું માપ ૫.૦ સે.મી. લંબાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને સહીનું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) 15 kb અને સહી 15 kb સાઈઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી ઓનલાઈન અરજીમાં અવશ્ય અપલોડ કરવાનો રહેશે તેમજ તે જ ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. જરૂર પડ્યે મંગાવવામાં આવશે. |
| ૩.૨ | ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી / થયેલ નિમણૂકને રદ કરવામાં આવશે. અરજી પત્રકમાં ઓનલાઈન ભરેલ વિગતોની કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ (Provisional Admission) દાખલ કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે. પરંતુ, પસંદ થયેલ ઉમેદવારોની નિમણૂક તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધિન રહેશે. |
| ૩.૩ | અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ. |

**(૪) પગાર ધોરણ :**

| | |
|---|---|
| ૪.૧ | નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ અને ત્યારબાદ તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ ના સુધારા ઠરાવ, તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ–૨)/ઝ.૧ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૪/ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે ખેતીવાડી અધિકારી/સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટને ₹ ૪૯,૬૦૦/– અને ખેતીવાડી મદદનીશને ₹ ૨૬,૦૦૦/– પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧/૨૦૧૫/ ૩૧૨૯૧૧ /ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન કરારિત ધોરણે નિમાયેલ ઉમેદવાર ફિક્સ પગારથી પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના ચુકાદાને આધીન રહેશે. |
| ૪.૨ | ફિક્સ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક હશે તો જ નામદાર સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગારધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અસામાન્ય સંજોગોમાં યુનિવર્સિટી ઉપરોક્ત કરારી સેવા ગમે ત્યારે રદ કરી શકશે અને તે અંગે કોઈ વળતર ચૂકવવાપાત્ર થશે નહીં. તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક અધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં સરકારશ્રીના જે તે સમયના ધારાધોરણો મુજબ મળવાપાત્ર નિયત પગારધોરણમાં નિયમોનુસાર નિમણૂક મેળવવાને પાત્ર થશે. |
| ૪.૩ | ફિક્સ પગારની યોજના હેઠળ ઉમેદવાર પસંદગી પામશે તો સરકારશ્રીના વખતો વખતના CCC (Course on Computer Concepts) ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરે તે મુજબ CCC ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરવાની રહેશે. |
| ૪.૪ | ફિક્સ પગારથી લાયક ઉમેદવારની પાંચ (૦૫) વર્ષના કરારિત ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક થયા બાદ આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો–૨૦૦૬ મુજબ સરકારશ્રીના વખતો વખતના ઠરાવ મુજબ નિયત પરીક્ષાઓ કરારિત સમયગાળામાં પાસ કરવાની રહેશે. |

**(૫) રાષ્ટ્રીયતા :-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

**(૬)** ઉમેદવાર ગુજરાતી અને હિન્દી બન્ને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**(૭) વયમર્યાદામાં છૂટછાટ :-**

(૧) ખેતીવાડી અધિકારી / સિનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) તેમજ ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) ની જગ્યા માટે તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને અનુક્રમે ૩૫ વર્ષ તથા ૩૩ વર્ષથી વધુ નહી તેટલી હોવી જોઈએ.

(૨) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છૂટછાટ |
|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારોને નીચેની નોંધના મુદ્દા નં (૧) મુજબ | |

(૩) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે તેમજ અનામત વર્ગોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ **વધુમાં વધુ ૪૫ વર્ષ** ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

**(૮) શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટે :-**

- શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઈ જગ્યા અનામત નથી, પરંતુ ઉપર દર્શાવ્યા મુજબની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી કરી શકશે.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક : ACD/SEC/e-file/2/2023/0310/K2 Section – Agri Uni તા.૧૪/૦૭/૨૦૨૩ તથા તા.૦૪/૧૦/૨૦૨૩ થી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના વિવિધ સંવર્ગો માટે દિવ્યાંગજનોની કેટેગરી નક્કી થયા મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે.
- ઉમેદવાર, સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઈ-૭/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ વિકલાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે તેમજ અસલ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા માંગણી કરાયેથી અચૂક રજૂ કરવાનું રહેશે અને જો રજૂ કરવામાં નહી આવે તો તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક રીતે અશક્ત ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહિ અને પસંદગી/નિમણૂક રદ કરવામાં આવશે.
- શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યા માટે લાયક શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

**નોંધ :-**

**૧.**

- ➢ માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આમી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ **GS/2018-(2)-RES-1085/3433/G-2** ની જોગવાઈ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.
- ➢ માજી સૈનિક માટે નિયમોનુસાર ૧૦ % જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક

| | |
|---|---|
| | અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે |
| ૨. | વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે અને પ્રમાણપત્ર અપલોડ કરેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂક સમયે પૂન: લગ્ન કરેલા ન હોવા જોઇએ અને તે અંગે યુનિવર્સિટી માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. |
| ૩. | એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઇફલ શૂટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં (૧) રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સિટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. **ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણાપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. રમત અંગેના પ્રમાણપત્ર માટે નિયત કરેલ સત્તાધિકારે તથા ફોર્મ્સના નમૂનાઓ જાહેરાતના અંતે સામેલ છે. |
| ૪. | અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે. અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે. |
| ૫. | અનામત વર્ગના એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે. |
| ૬. | સામાન્ય વહિવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૯૬/ ૨૨/૧૩/ગ.૨(ભાગ-૧) તથા તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ ની જોગવાઇઓ ધ્યાને લઇને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે. |
| ૭. | ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી રદ થશે. |
| ૮. | **શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ:-**<br>જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૦૩/૦૩/૨૦૨૪ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. |
| ૯. | ઉપરોક્ત સંવર્ગની જગ્યાઓમાં E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃઇ.ડબલયુ.એસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર- KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.<br>સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૦૪/૦૩/૨૦૨૧ થી તા.૦૩/૦૩/૨૦૨૪** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.<br>પરીક્ષા બાદ પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલુ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. |

| | |
|---|---|
| ૧૦ | સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ – ૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક – સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અની જોગવાઈ અનુસાર **તા.૦૧/૦૪/૨૦૨૧ થી અરજી કરવાની છેલ્લી તા.૦૩/૦૩/૨૦૨૪** દરમ્યાન મેળવેલ પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ– સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ – ૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. [અંગ્રેજીમાં કઢાવેલ નોન–ક્રિમીલેયર પ્રમાણપત્ર કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહીં]) <br>સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવુ નોન–ક્રિમીલેયર સર્ટીફીકેટ તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહિં. <br>પરીક્ષા બાદ પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલુ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. |
| ૧૧. | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (SAUs) ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદા સ્ટેચ્યુટ S-116 ના નિયમ ૨૭.૩ મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે. |
| ૧૨. | શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક અશક્ત અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે અસલમાં (ઝેરોક્ષ નકલ સહિત) રજૂ કરવાના રહેશે. આવા પુરાવા રજૂ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબક્કેથી રદ કરવાપાત્ર થશે. |
| ૧૩. | ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂક કરનાર સત્તાધિકારીશ્રીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો–૧૯૬૭ થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂક રદ કરી પડતો મૂકી શકશે. નિમણૂક બાબતે સત્તાધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે. |
| ૧૪. | ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. |
| ૧૫. | ઉપરોક્ત તમામ જગ્યાઓ કૃષિ યુનિવર્સિટીના પ્રવર્તમાન અને વખતોવખતની સૂચનાઓ તેમજ નિયમોનુસાર ભરવામાં આવશે. |
| ૧૬. | લેખિત/ઓનલાઈન સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભેની તેમજ ત્યારબાદની પરીક્ષા સંદર્ભેની બધી જ સૂચનાઓ મોબાઇલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે. મોબાઈલ નંબર બદલવા અથવા બંધ થવાના કારણે ઉમેદવારને SMS થી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે. આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણૂક મેળવવા ઈચ્છતો ન હોવાનું માનવામાં આવશે. |
| ૧૭. | આ જાહેરાતને સંલગ્ન તમામ સૂચનાઓ અત્રેની કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.sdau.edu.in પર વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટી વેબસાઈટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે. |
| ૧૮. | આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કૃષિ યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે તેમજ અરજી ફીની રકમ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર થશે નહીં. ઉપરોક્ત જગ્યાઓની ભરતી અંગેના કોઈ પણ નિર્ણય માટે યુનિવર્સિટીને અબાધિત હક્ક રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. |
| ૧૯. | સમગ્ર ભરતી પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી આર.ટી.આઇ. એક્ટ હેઠળ કોઇપણ પ્રકારની માહિતી માંગતી કોઇ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૨૦. | **અરજી કરવા સમયે ઉમેદવારનો ફોટો, સહિનો નમૂનો તથા તમામ જરૂરી પ્રમાણપત્રો ફરજિયાત અપલોડ કરવાના રહેશે.** |
| ૨૧. | ગુજરાત સરકારશ્રીના નીચે દર્શાવેલ ઠરાવ/પરિપત્ર મુજબ પસંદગી પામેલ અનામત વર્ગના ઉમેદવારોમાંથી અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કર્યા પછી જ નિમણૂકો કરવામાં આવશે. <br>• SC ઉમેદવારો માટે:– સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર નંબર: અજપ/૧૫૨૦૨૩/૫૪૨૭૨/હ, તા.૧૩/૦૯/૨૦૨૩ મુજબ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. |

- ST ઉમેદવારો માટે:- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નંબર: સીઆરઆર-૧૦૨૦૧૮-૪૬૧૨૩૮-ગ.૨ તા.૨૨/૧૦/૨૦૧૮ મુજબ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.
- SEBC ઉમેદવારો માટે:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર નંબર: સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તા. ૨૫/૦૨/૨૦૨૨ મુજબ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

**(૯) પરીક્ષા પદ્ધતિ**

- પરીક્ષા એક તબક્કામાં MCQ - Computer Based Response Test (CBRT) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | સામાન્ય જ્ઞાન (ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ, ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, ગણિત અને અંગ્રેજી | ૨૦ |
| ૨. | જે તે સંવર્ગને અનુરૂપ વિષયનાં પ્રશ્નો | ૮૦ |
| | કુલ | ૧૦૦ |

- પરીક્ષાનું સ્વરૂપ Multiple Choice Question (MCQ) પ્રકારનું રહેશે. જેમાં ૯૦ મિનિટ (૧ કલાક ૩૦ મિનિટ)માં ૧૦૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રત્યેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે અને પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારને ચાર વિકલ્પો આપવામાં આવશે. જો ખોટા વિકલ્પ પસંદ થશે તો ઉમેદવારના ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.
- બંને સંવર્ગ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના Qualifying Standard ૪૦% રહેશે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતા ઓછું Qualifying Standard કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

**(૧૦) પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ:-**

ઉમેદવારોએ ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની જોગવાઇઓ ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

| | |
|---|---|
| ૧ | સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ મુજબ જગ્યાઓના સાપેક્ષમાં અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. અગ્રતાક્રમના આધારે ઉમેદવારોની અરજીની ચકાસણી કરવામાં આવશે. જો ઉમેદવારોની અરજી ચકાસણી દરમ્યાન માન્ય ઠરશે નહી તો અગ્રતાક્રમમાં હોવા છતાં પણ નિમણૂંક મળવાપાત્ર રહેશે નહિ. |
| ૨ | ઉક્ત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર કરેલ અગ્રતાક્રમમાં મેરીટ એકસરખું થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.<br>અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના ગુણ/મેરીટ સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેની જન્મતારીખ (મોટા ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.<br>બ) ઉક્ત (અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં CBRT (Computer Based Response Test) માં મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.<br>ક) ઉક્ત (બ) મુજબ CBRT (Computer Based Response Test) પરીક્ષામાં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ માં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. |

**(૧૧) પરીક્ષાનું માધ્યમ**

સ્પર્ધાત્મક પરીક્ષા પૈકી ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ સંવર્ગ માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. અંગ્રેજી વિષયને લગતા પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે. જ્યારે ખેતીવાડી અધિકારી/સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ સંવર્ગ માટે પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

**(૧૨)** અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઇપણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી, યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ વેબસાઇટ www.sdau.edu.in મારફત ઓનલાઇન કોલલેટર (હોલ ટીકીટ) ડાઉનલોડ થઈ શકશે. ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ જ રાખવો તેમજ કૃષિ યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ વખતોવખત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.

**અગત્યની તારીખો :-**

| **વિગત** | **તારીખ** | |
|---|---|---|
| | **ક્યાંથી** | **ક્યાં સુધી** |
| વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિદ્ધ કરવાની, ઓનલાઈન ફી ભરવા અંગે તથા ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવાની કાર્યવાહીની તારીખ | તા.૦૩/૦૨/૨૦૨૪ | તા.૦૩/૦૩/૨૦૨૪ (સમય : ૨૩:૫૯ કલાક સુધી) |

**ઓનલાઈન એપ્લીકેશન તેમજ ઓનલાઈન ફી ભરવાની વિગત અત્રેની કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર જોવા મળશે.**

સ્થળ : સરદારકૃષિનગર.
તારીખ : ૦૨/૦૨/૨૦૨૪

કાર્યકારી કુલસચિવ

E:\2024\Sanjay\Advt.1-2024\Advt.docx

## -:: ઓનલાઈન ફોર્મ ભરવા અંગે અગત્યની સૂચનાઓ ::-

- **આ એપ્લીકેશન ફોર્મ અત્રેની કૃષિ યુનિવર્સિટી વર્ગ–૩ સંવર્ગની ખેતીવાડી અધિકારી/સિનીયર રિસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) તેમજ ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત)ની જગ્યાઓ માટેનું છે.**
- **ફોર્મ નોંધણી લીંક : www.sdau.edu.in પર ઓનલાઈન ભરવાનું રહેશે.**

૦૧. ફોર્મ ભરતાં પહેલા તમામ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવાની ભલામણ કરવામાં આવે છે. તમામ બાબતો માટે કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ રહેશે.

૦૨. રજીસ્ટ્રેશન માટે ઉમેદવારે નોંધણી લીંક www.sdau.edu.in નો ઉપયોગ કરીને રજીસ્ટ્રેશન/નોંધણી કરવાની રહેશે.

૦૩. ઉમેદવારે પોતાનું સાચું e-mail ID અને Mobile Number આપવા કાળજી લેવાની છે. કારણ કે, બધી જ પરીક્ષાલક્ષી માહિતી તેના ઉપર જ મોકલવામાં આવશે. Application ID Number એ જ ઉમેદવારનું User Name રહેશે જે Login સમયે ઉમેદવારે યાદ/લખી રાખવાનો રહેશે.

૦૪. રજીસ્ટ્રેશન/નોંધણી કર્યા પછી, ઉમેદવારને મોકલાવેલ પાસવર્ડનો ઉપયોગ કરીને ઉમેદવારે ફોર્મ ભરવાનું રહેશે.

૦૫. રજીસ્ટ્રેશન/નોંધણી કર્યા પછી, ઉમેદવારે આખું ફોર્મ કાળજીપૂર્વક વાંચી લઈ અને તમામ સંબંધિત દસ્તાવેજો એકત્રિત કરવાની સલાહ આપવામાં આવે છે, જરૂરી હોઈ તે મુજબ સ્કેન કરો અને માહિતી (ગુણ, વગેરે) તૈયાર રાખો જેથી ફોર્મ એક જ સમયે ભરી શકાય.

૦૬. ઉમેદવાર પછીથી ફોર્મ ભરવા માંગે છે, તો તેમને Login પેજની મુલાકાત લેવી પડશે અને તેમના વપરાશકર્તા નામ અને પાસવર્ડથી Login કરવું પડશે અને પછી સંપૂર્ણ એપ્લીકેશન ફોર્મ ભરવાનું રહેશે.

૦૭. ફોર્મ ભરતી વખતે કાળજી લેવી અને અને માંગેલ બધી આવશ્યક વિગતોને યોગ્ય રીતે પૂરી પાડવાની સલાહ આપવામાં આવે છે કારણકે કોઈ અધુરાશ/વિગતફેર હશે તો અરજી/એપ્લીકેશન રદ થશે.

૦૮. ફોટોગ્રાફ, હસ્તાક્ષર વગેરે જેવા બધા જરૂરી દસ્તાવેજો સ્કેન કરેલા ફાઈલ JPEG અથવા JPG ફોર્મેટમાં તૈયાર રાખવા જણાવવામાં આવે છે.

૦૯. ફોટોગ્રાફનું કદ 15 KB કરતા વધુ હોવું જોઈએ નહીં અને દસ્તાવેજનું કદ 1 MB કરતાં ઓછું હોવું જોઈએ PDF,JPEG અથવા JPG ફોર્મેટમાં હોવું જોઈએ.

૧૦. ઉમેદવારે અરજીમાં ભરેલી માહિતી સાચી છે તે બાબતે સ્વપ્રમાણિત કરવાની રહેશે.

૧૧. લાલ ફુદડી (*) નિશાની/ચિન્હ હોય તેવી બધી વિગતો ફરજિયાત ભરવાની રહેશે જો બધી વિગતો ભરવામાં આવેલી હશે તો જ ફોર્મ સબમીટ થઈ શકશે.

૧૨. ઉમેદવારે કોઈપણ ખોટી માહિતી અથવા અધૂરી માહિતી હશે તો ભરતી પ્રક્રિયામાં કોઈપણ તબક્કે ઉમેદવારી રદ કરવામાં આવશે અને કૃષિ યુનિવર્સિટીનો નિર્ણય અંતિમ રહેશે અને પાછળથી કોઈ દાવાને ધ્યાને લેવામાં આવશે નહિં.

૧૩. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરો અને ભરેલ ફોર્મ જોવા માટે પ્રિવ્યુ કર્યા પછી સબમીટ કરો. સબમીટ કર્યા બાદ ફેરફારો કરવા માટે કોઈ જોગવાઈ નથી.

૧૪. કોઈપણ તકનીકી બાબત અથવા કોઈપણ અન્ય પૂછપરછ માટે ઉમેદવારોએ હેલ્પડેસ્કનો ફોન/ઈ–મેઈલ દ્વારા સંપર્ક કરવો અને પ્રત્યુત્તર માટે કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ/ઈ–મેઈલ જોતા રહેવું.

૧૫. જાહેરાતમાં આપવામાં આવેલી તારીખ અંતિમ છે અને ઉમેદવારો દ્વારા સમય અવધિ લંબાવવાની કોઈ વિનંતી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૧૬. સાચો ફોટોગ્રાફ અપલોડ થયો છે તેની પુરતી ચકાસણી કરવી અને દરેક તબક્કે તેનું વેરીફીકેશન કરવામાં આવશે. જેથી કોઈપણ તબક્કે છળકપટ કે છેતરપિંડી માલુમ પડશે તો કાયદા અનુસાર કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

## -:: અરજી કરવા માટેના પગલાની વિગત ::-

- **આ જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો તા.૦૩/૦૨/૨૦૨૪ (બપોરના ૧૪-૦૦ કલાક) થી તા.૦૩/૦૩/૨૦૨૪ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન www.sdau.edu.in વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે.**
- ઉમેદવારે ઓન-લાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન - અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટપણે જણાવવું. ઉમેદવારે અરજીમાં જાતિ(કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. તેમજ જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆતને સ્વીકારવામાં આવશે નહીં. ઓનલાઈન અરજીપત્રક ભરવા માટે નીચે જણાવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. સૌ પ્રથમ www.sdau.edu.in વેબસાઈટ પર જવું.

૨. વેબસાઈટ ઉપર વર્ગ-૩ સંવર્ગની ખેતીવાડી અધિકારી/સિનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) તેમજ ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) ની જગ્યાઓની વિગતો જોવા મળશે જેને સંપૂર્ણપણે વાંચી જવી.

(૧) વર્ગ-૩ સંવર્ગની ખેતીવાડી અધિકારી/સિનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) તેમજ ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત) ભરતીની વિગતવાર જાહેરાત ઉપર "Click" કરવાથી સંપૂર્ણ જાહેરાત જોવા મળશે.

(૨) Online form ભરવાની માર્ગદર્શિકા (Guideline) જોવા મળશે. જે ઉમેદવારે સંપૂર્ણપણે વાંચીને Online form ભરવાનું રહેશે.

(૩) Online Application form પર "Click" કરવાથી Application Format ખુલશે.

૩. ત્યારબાદ Online Application form પર "Click" કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ રજીસ્ટ્રેશન ડીટેઈલમાં ઉમેદવારે પોતાનું પુરેપૂરૂ નામ, હાલ ચાલુ હોય તે મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસની વિગતો ભરવાની રહેશે. {[અહિં લાલ કુંદડી] (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત રીતે ભરવાની રહેશે}. ત્યારબાદ, રજીસ્ટ્રેશન બટન પર "Click" કરવાથી Application Details ખુલશે.

૪. ત્યારબાદ સ્ક્રીનની ઉપર જમણી બાજુએ ફરજિયાત Go to Application form પર જઈ ઉમેદવારે પોતાની ડીટેઈલ ભરવાની છે. જેના પ્રમાણપત્ર અપલોડ કરવાના છે તેની વિગતો નીચે મુજબ છે. (૧) ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો, (૨) ઉમેદવારની સહિ, (૩) જન્મતારીખનું પ્રમાણપત્ર, (૪) જાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૫) શારીરિક અશકત (દિવ્યાંગ)નું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૬) રમત ગમતનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૭) લગ્નનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૮) વિધવા મહિલા ઉમેદવાર માટે લગ્નનું પ્રમાણપત્ર અથવા પતિના અવસાનનું Death Certificate (લાગુ પડતું હોય તેને માટે), (૯) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર, અને (૧૦) એક્સ સર્વિસમેનનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે).

૫. Go to Application form પર જઈ ઉમેદવારે પોતાનું પુરેપુરૂ નામ, પિતા/પતિનું નામ, પરણિત/અપરણિત/વિધવા/જન્મ તારીખ/ શારીરિક અશકત (દિવ્યાંગ)/ એક્સ સર્વિસમેન/ રમત ગમતમાં ભાગ લીધેલ હોય તો તેના ઉપર "Click" કરવાનું રહેશે. જે તે કેટેગરીના ઉમેદવારે પોતાની કેટેગરી પસંદ કરવાની રહેશે.

૬. ત્યારબાદ ઉમેદવારે પોતાનું હાલનું સરનામું/ કાયમી સરનામાની વિગતો ભરવાની છે અને બન્ને સરનામાની વિગતો એકસરખી હોય તો "હા/ના" ઉપર "Click" કરી લાગુ પડતી વિગતો ઉમેદવારે ભરવાની રહેશે.

૭. ત્યારબાદ ઉમેદવારે પોતાની શૈક્ષણિક લાયકાત ભરવાની છે. દા.ત. ધોરણ-૧૨ પાસ/ડિપ્લોમા (કૃષિ/બાગાયત), B.Sc. (કૃષિ/બાગાયત), M.Sc. (કૃષિ/બાગાયત) વગેરે પાસ કર્યાનું બોર્ડ/સંસ્થા/યુનિવર્સિટી પાસ કર્યાનું વર્ષ તથા તેમાં મેળવેલ ટકા/ગ્રેડની વિગતો ભરવાની રહેશે **(પ્રમાણપત્ર ફરજિયાતપણે અપલોડ કરવાનું રહેશે)**.

૮. ઉમેદવાર કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોય તો "હા/ના" ઉપર "Click" કરવાનું રહેશે **(પ્રમાણપત્ર ફરજિયાતપણે અપલોડ કરવાનું રહેશે)**.

૯. ત્યારબાદ ઉમેદવારે ઉપરોકત વિગતો ભરેલ છે તેના પ્રમાણપત્રની સ્કેન કરેલ કોપી/નકલ અપલોડ કરવાની છે. (૧) જન્મતારીખનું પ્રમાણપત્ર, (૨) જાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૩) શારીરિક અશકત (દિવ્યાંગ)નું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૪) રમત ગમતનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૫) લગ્નનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે), (૬)

વિધવા મહિલા ઉમેદવાર માટે લગ્નનું પ્રમાણપત્ર અથવા પતિના અવસાનનું Death Certificate (લાગુ પડતું હોય તેને માટે), (૭) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર, અને (૮) એક્સ સર્વિસમેનનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેને માટે) "Click Here to upload" અપલોડ કરવાના છે.

૧૦. હવે "Upload Photograph" પર "Click" કરો, અહી તમારો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો "Upload" કરવાનો છે. (Photo Upload કરવા સૌ પ્રથમ તમારો Photo jpg format માં (15 kb) સાઈઝથી વધારે નહી તે રીતે સ્કેન કરી Computer માં Save કરેલ હોવો જોઈએ) હવે, Browse button પર "Click" કરો ત્યારબાદ Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલ jpg formatમાં તમારો ફોટો સ્ટોર થયેલ છે તે ફાઈલને સીલેક્ટ કરો અને Open button પર "Click" કરો. હવે, Browse ની બાજુમાં "Upload" "Click" કરો. હવે, બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ "Upload" કરવાની રહેશે (ફોટાનું માપ ૫.૦ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને સહિનું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી).

૧૧. હવે, ઉમેદવારે ડીકલેરેશન/બાંહેધરીની નીચે આપેલ અંગ્રેજી અક્ષર જે આપેલ બોક્ષમાં ટાઈપ કરી પ્રિવ્યું ઉપર "Click" કરવાથી ઉમેદવારે પોતાની ભરેલી અરજીની સંપૂર્ણ વિગતો બતાવશે. ત્યારબાદ, નીચે આપેલ "OK" બટન ઉપર "Click" કરવાનું રહેશે. ઉમેદવારે આ ભરેલ વિગતોની ચકાસણી કરી √ I agree બટન પર "Click"કરવાનું રહેશે. ઉમેદવારે ભરેલ વિગતો બરાબર છે તેમ લાગે ત્યારે જ Submit નું બટન "Click" કરવાનું રહેશે. Submit ના બટન પર "Click" કર્યા બાદ ફેરફારો કરવા માટેની કોઈ જોગવાઈ નથી.

૧૨. Online form ની ઉપર તમારો Application ID Generate થયા બાદ જ પ્રિન્ટ માટે ફોર્મની ઉપર જમણી બાજુએ Print નું ઓપ્શન "Click" કરવાથી પ્રિન્ટ નીકળશે. Application ID Generate થયેલ હશે તે હવે પછીની ભરતી અંગેની તમામ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**૧૩. પરીક્ષા ફી :**

| ક્રમ | વિગત | અરજી ફી ની રકમ |
|---|---|---|
| ૧. | બિન–અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર માટે | ₹ 1000 + ટ્રાન્ઝેકશન ચાર્જ |
| ૨. | અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર માટે [ST/SC/SEBC/EWS/PwD] | ₹ 250 + ટ્રાન્ઝેકશન ચાર્જ |
| ૩. | માજી સૈનિક | 'નીલ' |
| ઉમેદવારને પરીક્ષા ફી + બેન્ક ચાર્જીસ ઓનલાઈન ભરવા માટે બેન્કનું ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/નેટ બેન્કીંગથી ભરવાનું રહેશે. | | |

## જોડાણ –'ખ'

ખેલકુદ સ્પર્ધામાં ભાગ લેવા અંગે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓની યાદી :

| ક્રમ | સ્પર્ધા | પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી | પ્રમાણપત્ર આપવાનું ફોર્મ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | આંતરરાષ્ટ્રીય સ્પર્ધા | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી | ૧ |
| ૨. | રાષ્ટ્રીય સ્પર્ધા | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી અથવા રાજ્ય એસોસિએશનના સેક્રેટરી | ૨ |
| ૩. | આંતર યુનિવર્સિટી ટુર્નામેન્ટ | સંબંધિત યુનિવર્સિટીઓની ખેલકુદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદના ડીન/ડાયરેક્ટર /અધિકારી | ૩ |
| ૪. | શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકૂદ/રમતો | રાજ્યની જાહેર સંસ્થા/શિક્ષણ નિયામકની કચેરીમાંના શાળાઓ માટેની ખેલકૂદ/ રમતોનો સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત/નાયબ નિયામક | ૪ |

**નોંધ :** ઉપર ઉલ્લેખ ફોર્મ ૧,૨,૩, અને ૪ ના નમૂના જોડાણ –'ગ' માં આપ્યાં છે.

**જોડાણ–'ગ'**

**જોડાણ–'ખ' માં ઉલ્લેખ ખેલ નમૂનાના ફોર્મ**

**ફોર્મ – ૧**

**(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે)**

**રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશન**

**રાજ્ય સરકાર હેઠળની વર્ગ–૩/વર્ગ–૪ ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................................................. શ્રી..............................................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ...............................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ.........................................થી.................................... સુધી...................................................................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં.......................... રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..................................................છે. ..................................................................................ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશન કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| સ્થળ | ............................ | સહી | .................................... |
| તારીખ | ............................ | નામ | .................................... |
| | | હોદ્દો | .................................... |
| | | રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશનનું નામ | .................................... |
| | | સરનામું | .................................... |
| | | સિક્કો | .................................... |

**નોંધ :** રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

એચ–૨૦૬૦–૨

**ફોર્મ – ૨**

**(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે)**

....................................................ની રમતનું........................................................રાજ્ય એસોસિએશન
રાજ્ય સરકાર હેઠળની વર્ગ–૩/વર્ગ–૪ ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................................... શ્રી.................................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ...............................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ.......................................થી.................................... સુધી.......................................................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં.......................... રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..................................................છે. ......................................................................ના રાજ્ય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ............................

તારીખ ............................

સહી ....................................

નામ ....................................

હોદ્દો ....................................

રાજ્ય એસોસિએશનનું નામ ....................................

સરનામું ....................................

સિક્કો ....................................

**નોંધ :** રાજ્ય એસોસિએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

E:\2024\Sanjay\Advt.1-2024\Advt.docx

## ફોર્મ – ૩

**(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે)**

...............................................યુનિવર્સિટી
રાજ્ય સરકાર હેઠળની વર્ગ–૩/વર્ગ–૪ ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................................. શ્રી...........................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..............................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)..........................ના વિદ્યાર્થી/વિદ્યાર્થીની છે. એમણે તારીખ....................................... થી.................................સુધી...............................................................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં......................... રમતમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન...............................................છે. ................................................................ યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ ડીન/ડાયરેક્ટરની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ...........................

તારીખ ...........................

સહી ...................................

નામ ...................................

હોદ્દો ...................................

યુનિવર્સિટીનું નામ ...................................

સરનામું ...................................

સિક્કો ...................................

**નોંધ :** ...................................યુનિવર્સિટીનો ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ડીન/નિયામકએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ – ૪

**(કોઈ પણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે)**

................................................રાજ્યના/જાહેર શિક્ષણ નિયામકની કચેરી રાજ્ય સરકાર હેઠળની વર્ગ–૩/વર્ગ–૪ ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.................................................................... શ્રી..............................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.............................. ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)...........................ના વિદ્યાર્થી છે. એમણે તારીખ........................................ થી..................................સુધી.................................................................ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં...............................................રમતમાં.....................................રાજ્ય શાળા/ટુકડીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતઓ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન.................................................છે. ..................................................................... ની જાહેર શિક્ષણ નિયામકની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ...........................

તારીખ ...........................

સહી ...................................

નામ ...................................

હોદ્દો ...................................

સરનામું ...................................

સિક્કો ...................................

**નોંધ :** રાજ્યના જાહેર શિક્ષણ નિયામકની કચેરીમાં શાળાઓ માટેની ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

सत्यमेव जयते

ગુજરાત રાજ્ય

<u>પરિશિષ્ટ.૪</u>

ફોટો

પ્રમાણપત્ર ક્રમાંકઃ-.................

**ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોનું નોન ક્રિમીલેયરનું પ્રમાણપત્ર.**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ................................................ શ્રી......................................................................ના પુત્ર/પુત્રી ગામ/નગર .......................... તાલુકો........................ જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર /૧૦૭૮/૧૩૭૩૪/હ, તેમજ ત્યારબાદના વખતોવખત બહાર પાડવામાં આવેલ અદ્યતન સુધારા ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ પૈકી ............................. જાતિના છે.

શ્રી ........................................................................... અને /અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ................................................ જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ / તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબરઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ સાથેના પરિશિષ્ટ થી તેમજ વખતો વખત થયેલ સ્વીકૃત સુધારાથી નિયત કરવામાં આવેલ ઉન્નત્ત વર્ગો (Creamy layer)ની વ્યકતિ/જુથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ-

(સીલ)

સક્ષમ અધિકારીની સહી/-

નામઃ-

હોદ્દોઃ-

રજુ કરેલ આધારોઃ-

૧.

૨.

૩.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:
ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંક: ..............

ફોટો

સત્યમેવ જયતે

## ગુજરાત સરકાર

## આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના હેતુ માટે)

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ..........................................શ્રી ............................................................ ના પુત્ર/પુત્રી/પાલ્ય છે. તેઓ ગામ/નગર ...................... તાલુકો ........................ જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓ ............... જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેના/તેણીના કુટુંબના બધા સ્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂ. -------------- છે, જે રૂ. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો/તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ :-

તારીખ:-

(કચેરીનું રાઉન્ડ સીલ)

સહી/-

નામ :-

હોદ્દો:-

(કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો:-

૧.

૨.

૩.

નોંધ:- આ પ્રમાણપત્રની માન્યતા પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે.

E:\2024\Sanjay\Advt.1-2024\Advt.docx

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019 No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ..............

सत्यमेव जयते

Photo

## Government of Gujarat

### Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari ........................................... is the Son /daughter/ward of ........ ..................... ................................

He/She is the Resident of Village /City ...............................................

Taluka/Tehsil.................................. District. .................................... and he/she belongs to .............caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs..........., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:-

Date :-

Signature :-

Name :-

Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.

2.

3.

**Last date of apply online is : 03/03/2024**
**(Minimum age required for the said post is 18 years)**

**જગ્યાનું નામ : ખેતીવાડી અધિકારી/સિનીયર રીસર્ચ આસીસ્ટન્ટ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત)**

| Category and Gender | Age limit (Year) | | Eligible candidates born between | | Fee (₹) |
|---|---|---|---|---|---|
| | Minimum | Maximum | From | to | |
| General Male | 18 | 35 | 03/02/1989 | 03/03/2006 | 1000 |
| General Male PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| General Male Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| General Male SAU Employee | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 1000 |
| General Female | 18 | 40 | 03/03/1984 | 03/03/2006 | 1000 |
| General Female PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| General Female Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| General Female SAU Employee | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 1000 |
| EWS/SEBC/SC/ST Male | 18 | 40 | 03/03/1984 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Male PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Male Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| EWS/SEBC/SC/ST Male SAU Employee | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| EWS/SEBC/SC/ST Female SAU Employee | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |

f.N **I/c. REGISTRAR**
Sardarkrushinagar Dantiwada
Agricultural University,
Sardarkrushinagar-385 506,
District: Banaskantha.

E:\2024\Sanjay\Advt.1-2024\Advt.docx

## Last date of apply online is : 03/03/2024
## (Minimum age required for the said post is 18 years)

જગ્યાનું નામ : ખેતીવાડી મદદનીશ અને તેની સમકક્ષ (કૃષિ/બાગાયત)

| Category and Gender | Age limit (Year) | | Eligible candidates born between | | Fee (₹) |
|---|---|---|---|---|---|
| | Minimum | Maximum | From | to | |
| General Male | 18 | 33 | 03/03/1991 | 03/03/2006 | 1000 |
| General Male PH | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 250 |
| General Male Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| General Male SAU Employee | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 1000 |
| General Female | 18 | 38 | 03/03/1986 | 03/03/2006 | 1000 |
| General Female PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| General Female Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| General Female SAU Employee | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 1000 |
| EWS/SEBC/SC/ST Male | 18 | 38 | 03/03/1986 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Male PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Male Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| EWS/SEBC/SC/ST Male SAU Employee | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female PH | 18 | 45 | 03/03/1979 | 03/03/2006 | 250 |
| EWS/SEBC/SC/ST Female Ex. Serviceman | 18 | - | - | 03/03/2006 | 0 |
| EWS/SEBC/SC/ST Female SAU Employee | 18 | 43 | 03/03/1981 | 03/03/2006 | 250 |

for **I/c. REGISTRAR**
Sardarkrushinagar Dantiwada
Agricultural University,
Sardarkrushinagar-385 506,
District: Banaskantha.